| PUBLICATION NAME : | Divya Gujarat |
| --- | --- |
| EDITION: | Ahmedabad |
| DATE : | 04/06/2023 |
| PAGE NO. | 4 |

નેશનલ કમીશન ફોર વુમન (એનસીડબલ્યુ) અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)

# સમગ્ર ભારતમાં સંભાવિત મહિલા ઉદ્યોગસાહસિકો માટે ૧૦૦ ઉદ્યોગ સાહસિકતા જાગૃકતા કાર્યક્રમ યોજશે




નેશનલ કમીશન ફોર વુમન (એનસીડબલ્યુ)એ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના સહયોગથી સંભાવિત મહિલા ઉદ્યોગસાહસિકો માટે દેશભરમાં ૧૦૦ ઉદ્યોગસાહસિકતા જાગૃકતા કાર્યક્રમ (ઈએપી) લોંચ કરવાની જાહેરાત કરી છે. દેશભરમાં યોજાનારા ૧૦૦માંથી પ્રથમ ઈએપીનું ઉદ્ઘાટન ઉજ્જૈનમાં મુખ્ય અતિથિ મધ્યપ્રદેશના માનનીય રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે ભારત સરકારમાં રાજ્યકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મુંજપારા મહેન્દ્રભાઈ અતિથિ વિશેષ, એનસીડબલ્યુના ચેરપર્સન શ્રીમતી રેખા શર્મા, ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા અને એનસીડબલ્યુના મેમ્બર સેક્રેટરી શ્રીમતી મિનાક્ષી નેગી ઉપસ્થિત રહ્યાં હતાં. આ એક દિવસીય ઈએપીનો ઉદ્દેશ્ય સહભાગી મહિલાઓને ઉદ્યોગસાહસિકતા એક કારકિર્દી તરીકે અપનાવવાના લાભો વિશે જાણકારી પ્રદાન કરવાનો, શ્રેષ્ઠકૌશલ્યો શીખવાનો તથા સામાજિક, આર્થિક અને પારિવારિક અવરોધોને દૂર કરીને ઉદ્યોગસાહસિક બનવા પ્રોત્સાહિત કરવાનો છે. ઈએપી મહિલાઓ વચ્ચે ઉદ્યોગસાહસિકતાના કૌશલ્યો વિકસિત કરવાનો હેતુ ધરાવે છે, જેથી તેઓ તેમના પોતાના વ્યવસાયની રચના કરવા માટે જરૂરી માહિતી, કૌશલ્યો અને પ્રેરણા મેળવી શકે. ઈએપી વિશે વાત કરતાં મધ્ય પ્રદેશના માનનીય રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલે કહ્યું હતું કે, સબકા સાથ સબકા વિકાસના વિઝન સાથે દેશ આગળ વધી રહ્યો છે. મહિલાઓના નેતૃત્વમાં નોંધપાત્ર વિકાસ થઈ રહ્યો છે અને તેને માન્યતા પણ મળી રહી છે. સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી મહિલાઓ સારી પ્રગતિ સાધી રહી છે. તેઓ તેમની સફળતા, તેમના ઉદ્યોગો અને તેમની ભાવિ યોજનાઓ વિશે આત્મવિશ્વાસથી વાત કરી રહ્યાં છે.